# SIR, OBC અનામત અને ગરમીથી થયેલું ઓછું મતદાન પેનલો તોડશે

**OBC અનામતને કારણે ભાજપમાં અનેક આગેવાનોની કપાયેલી ટિકિટનો રોષ ભાજપને નુકસાન કરે તેવી સંભાવના**

**પાસના** આંદોલનકારીઓ ભાજપમાં ભળી જતાં સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં આપને નુકસાન થશે

**કેટલાક** વોર્ડમાં ભાજપના સંગઠનની નિષ્ક્રિયતા કોંગ્રેસને ફાયદો કરાવે તેવી શક્યતા

સુરત : સુરત મહાપાલિકાની ચૂંટણીના આજે પરિણામો જાહેર થશે. SIRમાં કપાયેલા મતો, ઓબીસી અનામતને કારણે ઉભી થયેલી નારાજગી અને ભારે ગરમીને કારણે મતદાન પર થયેલી અસર, આ વખતે અનેક વોર્ડમાં અપેક્ષાથી વિપરીત જ પરિણામો લાવે તો નવાઈ નહી હોય. અનેક વોર્ડમાં પેનલો તૂટે તેવી સંભાવના જોવાઈ રહી છે. ગત વખતે પાટીદાર આંદોલનની લહેરમાં જ વરાછામાં પાટીદારોને કારણે આપને 27 બેઠકો મળી હતી. જોકે, આ વખતે જે લોકો આપમાં હતા તે ભાજપમાં જોડાઈ ગયા છે. જેને કારણે વરાછા વિસ્તારમાં આપને ગત વખત જેવો ફાયદો નહીં થાય. પરંતુ તેની સામે કતારગામ-વેડરોડ પર વિસ્તારમાં આપને કેટલીક બેઠકોનો લાભ થાય તેવી સ્થિતિ જોવાઈ રહી છે. આજ રીતે કોંગ્રેસને પણ એવી આશા છે કે આ વખતે તેને કેટલીક બેઠકો મળશે. આ વખતે સુરત મહાપાલિકાના મતદારોમાં SIRને કારણે એકસાથે 25 ટકા મતદારો ઘટી જવા પામ્યા છે. તે પૈકી એવા મતદારો હતા કે જેમના મત વતનમાં અને અહીંયા પણ નોંધાતા હતા. આ મતદારોની ખોટ મોટાભાગે ભાજપ અને આપને પડશે. આ ઉપરાંત ઓબીસી માટે જે રીતે 27 ટકા અનામત જાહેર કરવામાં આવ્યું તેમાં ભાજપમાં અનેક આગેવાનોની ટિકિટ કપાઈ જવા પામી છે. ઓબીસી અનામત બેઠકને કારણે ભાજપમાં લગભગ તમામ વોર્ડમાં મોટો કચવાટ જોવા મળ્યો હતો. આ કચવાટ ભાજપને નુકસાન કરે તેમ છે. ઓબીસી અનામતને કારણે એક તરફ જ્યાં ભાજપને નુકસાન થાય તેવી સંભાવના છે ત્યાં ઓબીસી અનામતને કારણે જ કોંગ્રેસને એક-બે બેઠકનો લાભ થાય તેવી સ્થિતિ છે. આ ઉપરાંત ગરમીને કારણે અનેક મતદારો મતદાન માટે બહાર નીકળ્યા જ નથી. મોટાભાગે આ એવા મતદારો હતા કે જે પરંપરાગત ભાજપના મતદારો હતા. કેટલાક મતદારો આપના પણ હતા. આ મતદારોનું ઓછું મતદાન ભાજપ અને આપ, બંને પક્ષને હેરાન કરી શકે તેમ છે.




**કતારગામમાં 14 ટકા મતદાન ઉછાળો, વોર્ડ-29માં ઉત્તર ગુજરાતી મતો બનશે ગેમ ચેન્જર**

## 5 વોર્ડમાં પેનલ તૂટવાનો, 8 વોર્ડમાં ભાજપને હારવાનો ભય

**પાટીદાર** બેલ્ટમાં વધુ મતદાનથી ભાજપ અને આપને ચિંતા, અલથાણ-બમરોલીમાં ભાજપ સામે નારાજગીના સંકેતો

સુરતઃ સુરતના રાજકારણમાં હંમેશા કેન્દ્રસ્થાને રહેતા પાટીદાર બેલ્ટ ગણાતા વરાછા અને કતારગામ વિસ્તારમાં આ વખતે મતદાનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. જેથી ભાજપને શહેરનાં 8 વોર્ડ 1 થી 5 તેમજ વોર્ડ નંબર 15, 16, 17 માં પેનલ ફરીવાર હારી જવાનો જ્યારે વોર્ડ નંબર 7, 8, 18, અને કોટ વિસ્તારમાં વોર્ડ નંબર 13 જ્યારે આંજણામાં 19 નંબરના વોર્ડમાં પેનલ તૂટવાનો ભય છે. વર્ષ 2021ની ચૂંટણીમાં વોર્ડ-6 (કતારગામ) માં 43.40 ટકા મતદાન થયું હતું, જે આ વખતે સીધું 14 ટકા વધીને 57.45 ટકા થયું છે. જ્યારે વોર્ડ-7 (કતારગામ-વેડ) માં 52.03 ટકાથી વધીને 52.59 ટકા મતદાન થયું છે. કાપોદ્રા વિસ્તાર ધરાવતા વોર્ડ-4માં પણ મતદાન 46.12 ટકાથી વધીને 49.45 ટકા નોંધાયું છે. બીજી તરફ અલથાણ-બમરોલી-વડોદ વિસ્તાર ધરાવતા વોર્ડ નં.29માં આ વખતે 57.56 ટકા મુજબ 36,341 મતદારે મતદાન કર્યું છે, જે ગત ચૂંટણીની સરખામણીએ 11,303 જેટલું ઓછું છે. ઉત્તર ગુજરાતના મતદારો આમ આદમી પાર્ટી તરફ વળે, તો આપ આ વોર્ડમાં પ્રથમ વખત ખાતું ખોલાવી શકે છે.

### 4 વોર્ડમાં મતદાનમાં જંગી ઉછાળો, 19 ટકા સુધી વધારો થતાં રાજકીય ગણિત બદલાયું

ચાર વોર્ડમાં ગત ચૂંટણી કરતાં 15 ટકાથી 19 ટકા સુધીનો નોંધપાત્ર વધારો નોંધાતા રાજકીય પક્ષોના ગણિતમાં હલચલ મચી છે. સૌથી મોટો ઉછાળો વોર્ડ-25 (લિંબાયત-ઉધના યાર્ડ) વિસ્તારમાં નોંધાયો છે. વર્ષ 2021માં અહીં માત્ર 43.11 ટકા મતદાન થયું હતું, જે આ વખતે વધીને 62.52 ટકા સુધી પહોંચ્યું છે. તે જ રીતે વોર્ડ-13 (વાડીફળિયા-નવાપુરા-બેગમપુરા)માં 16.65 ટકાનો વધારો નોંધાયો છે, જ્યારે વોર્ડ-12 (નાણાવટ-સૈયદપુરા)માં પણ મતદાનમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. વોર્ડ-30 (કનસાડ-સચિન)માં 2021ના 45.19 ટકા સામે આ વખતે 59.73 ટકા મતદાન નોંધાયું છે. આ વિસ્તારોમાં ચૂંટણી પરિણામો પર સીધી અસર પડી શકે છે.

### 2021 બાદ 2026માં પણ આંજણા-ડુંભાલમાં મતદાનનો રેકોર્ડ, કોંગ્રેસને ખાતું ખૂલવાની આશા

સુરતના વોર્ડ-19 (આંજણા-ડુંભાલ)માં વર્ષ 2021ની ચૂંટણીમાં 56.18 ટકા મતદાન સાથે પ્રથમ ક્રમે રહેલો આ વોર્ડ આ વખતે પોતાનો જ રેકોર્ડ તોડી 65.34 ટકા મતદાન સાથે ફરી અવ્વલ રહ્યો છે. સ્થાનિક સ્તરે કોઈ મોટી લહેર કે પરિવર્તનનો આ સંકેત માનવામાં આવી રહ્યો છે.

### ગત વખતે ત્રણ વોર્ડમાં જીતનું અંતર માત્ર 1થી 3 હજાર હતું, આ વખતે પરિણામ બદલાશે

ગત વખતની ચૂંટણીમાં ત્રણ વોર્ડ એવા હતા કે જેમાં હાર-જીત વચ્ચેનું અંતર 1થી 3 હજાર હતું. આવા વોર્ડમાં વોર્ડ નં.7 (કતારગામ-વેડ)માં ભાજપ અને આપના ઉમેદવારો વચ્ચે જીતનું અંતર માત્ર 1થી 2 હજાર જેટલું જ હતું. જેમાં ભાજપની પેનલ જીતી હતી. આજ રીતે વોર્ડ નં.8 (ડભોલી-સિંગણપોર)માં પણ ભાજપ અને આપના ઉમેદવારો વચ્ચે હાર-જીતનું અંતર પણ 1થી 2 હજારનું હતું. આ વોર્ડમાં આપની પેનલ જીતી હતી. જ્યારે વોર્ડ નં.15 (કરંજ-મગોબ) માં પણ ભાજપ અને આપ વચ્ચે હાર-જીતનું અંતર 3 હજાર મતનું રહ્યું હતું. આ વોર્ડમાં ભાજપની પેનલ જીતી હતી. SIRને કારણે જે રીતે મતો કપાયા છે તે પ્રમાણે આ ત્રણેય વોર્ડમાં જીતનું ઓછું માર્જિન પરિણામોમાં આ વખતે ઉલટફેર કરી શકે છે.

**મતગણતરીના નિયમો એવા અટપટા છે કે**

## વોર્ડની ચારેચાર બેઠક પર મહિલા જીતિ તો નવાઈ નહીં

**નિયમ** પ્રમાણે તમામ ઉમેદવારોમાં જેના સૌથી વધુ મત હોય, ચાહે તે અનામત કેટેગરીમાંથી લડતો હોય તો તે જનરલ બેઠક પર વિજેતા જાહેર કરાય છે

**જો સૌથી** વધુ મત મેળવનાર ઉમેદવાર જનરલ કેટેગરીનો જ હોય તો ત્યારબાદ એસસી-એસટી બેઠકનું પરિણામ જાહેર થાય છે

**ત્યારબાદ** ઓબીસી અને છેલ્લે મહિલા બેઠકોના પરિણામો જાહેર કરાય છે

સુરતઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પેનલ માટે મતની ગણતરી વખતના નિયમો એવા અટપટા છે કે એવું બની શકે કે એક વોર્ડમાં ચાર મહિલા કે પછી ચાર ઓબીસી કે પછી ચાર એસસી-એસટીના અનામતના ઉમેદવારો પણ જીતી જાય.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જ્યાં જ્યાં પેનલો ચૂંટણી લડી રહી છે ત્યારે અનામત બેઠકોને કારણે મતગણતરીના નિયમો ભારે અટપટા છે. આ નિયમો પ્રમાણે મેરિટ આધારીત એટલે કે જેને સૌથી વધુ મત મળે તેના પર જીત નક્કી થાય છે. એટલે કે જો ઓબીસી, એસસી કે પછી એસટીનો ઉમેદવારો અન્ય તમામ ઉમેદવારમાં સૌથી વધુ મત મેળવે તો તેને જનરલ બેઠક પર વિજેતા જાહેર કરવામાં આવે છે. જ્યારે તેની અનામત બેઠક ખાલી જ રહે છે.

આ અનામત બેઠક માટે બાકી રહેલા અનામત ઉમેદવારોમાં જેના સૌથી વધુ મત હોય તેને વિજેતા જાહેર કરવામાં આવે છે. એવું પણ બની શકે કે જનરલની બે બેઠક છે અને અનામત કેટેગરીના બે ઉમેદવારો અન્ય તમામ ઉમેદવારોથી વધુ મતો મેળવે છે. તો આ બંને ઉમેદવારને વિજેતા જાહેર કરવા પડે છે.

આ તો વાત થઈ સૌથી વધુ મત મેળવનાર ઉમેદવારની, પરંતુ અનામત બેઠકો માટે પણ વિજેતા જાહેર કરવાના અલગ નિયમો છે. જેમાં જો વોર્ડમાં SC અથવા ST બેઠક અનામત હોય, તો તેનું પરિણામ સૌથી પહેલા જોવામાં આવે છે. એટલે કે અનામત ઉમેદવારોમાં જેણે સૌથી વધુ મત મેળવ્યા તેને વિજેતા જાહેર કરાય છે.

ત્યારબાદ OBC અનામત બેઠકનું પરિણામ જાહેર થાય છે. ત્યારબાદ મહિલા બેઠકોનું પરિણામ જાહેર થાય છે પરંતુ તેમાં પણ અનામત કેટેગરીમાં જે બેઠકો મહિલાઓ માટે અનામત હોય છે, તેનું પરિણામ તે કેટેગરીમાં પ્રાથમિકતા મેળવે છે. છેલ્લે બાકી રહેલા ઉમેદવારોમાં જનરલ બેઠકનું પરિણામ જાહેર થાય છે.

### ભાજપ નહીં, પોલીસ-સરકારી તંત્ર અને ગુંડાતત્વો સામેની ચૂંટણી હતી: આપના મનોજ સોરઠીયા

આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયા, યોગેશ જાદવાણી અને ચિત્રેશ અનાજવાલાએ પત્રકાર પરિષદમાં એવો દાવો કર્યો હતો કે આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટી જ લડતી દેખાઈ હતી જ્યારે કોંગ્રેસે પહેલેથી જ હથિયારો મૂકી દીધા હતા. કોંગ્રેસ મેદાનમાં ક્યાંય દેખાઈ નહોતી.તેમણે ચૂંટણી પ્રક્રિયા અંગે ગંભીર આક્ષેપો કરતાં કહ્યું હતું કે, અનેક જગ્યાએ બોગસ મતદાન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સાથે જ આ ચૂંટણી ભાજપ વિરુદ્ધ નહીં પરંતુ પોલીસ તંત્ર, સરકારી તંત્ર, ગુંડાઓ અને બુટલેગરો જેવા તત્વો સામેની લડાઈ બની ગઈ હતી. AAPના નેતાઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે મતદારો પરિવર્તનના પક્ષમાં મત આપ્યા છે અને પરિણામોમાં તેનો સ્પષ્ટ પ્રતિબિંબ જોવા મળશે.

## પરિણામોમાં BJPના ધારાસભ્યોની તાકાતનો પણ આજે હિસાબ થશે

**ટિકિટ** ફાળવણીમાં ધારાસભ્યોની જીદ માન્ય રાખી જીતની જવાબદારી સાથે લેટરપેડ પર નામ લખાવાયા હતા

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે મતદાનની ટકાવારી ગત ચૂંટણીની સરખામણીએ વધી હોવા છતાં કુલ મતદાનની સંખ્યા ઘટી જતાં રાજકીય વર્તુળોમાં નવા ગણિત શરૂ થયા છે. ખાસ કરીને ભાજપમાં ઉમેદવારોની પસંદગી વખતે ધારાસભ્યોની જીદ માન્ય રાખી તેમના લેટરપેડ પર તેમના ઇચ્છીત ઉમેદવારોના નામ મંગાવવામાં આવ્યા હતા. સાથે જ ઉમેદવારોને જીતાડવાની જવાબદારી પણ જે તે વિસ્તારના ધારાસભ્યો પર જ સોંપાઈ હતી. હવે પરિણામ જાહેર થયા બાદ કયા ધારાસભ્યનું પ્રભુત્વ મજબૂત રહ્યું અને ક્યાં નબળાઈ બહાર આવી તે સ્પષ્ટ થશે. વર્ષ 2021ની ચૂંટણી વખતે સુરત મહાપાલિકાના 30 વોર્ડમાં કુલ 32.88 લાખ મતદાર હતા, જેમાંથી 47.14 ટકા એટલે કે અંદાજે 15.50 લાખ મતદારે મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જ્યારે આ વખતે 2026માં એસઆઈઆર પ્રક્રિયા બાદ કુલ મતદારોની સંખ્યા ઘટીને 24.76 લાખ રહી છે. તેમાં અંદાજે 14,68,923 મતદાર દ્વારા મતદાન કરાયું છે. એટલે કે ટકાવારી 59.32 ટકા સુધી પહોંચી હોવા છતાં કુલ મતદાન ગત વખત કરતાં ઓછું રહ્યું છે. રાજકીય વિશ્લેષકોના મતે, 2021ના મતદાનને સમકક્ષ ગણવું હોય તો આ વખતે આશરે 63 ટકા જેટલું મતદાન થવું જરૂરી હતું. પરંતુ તે હાંસલ ન થતાં ઓછી મતદાન સંખ્યા સત્તાધારી પક્ષ માટે ચિંતાજનક માનવામાં આવી રહી છે. સૌથી વધુ દબાણ હવે ધારાસભ્યો પર આવ્યું છે. કારણ કે ટિકિટ ફાળવણીમાં તેમની ભલામણને મહત્ત્વ અપાયું હતું અને અનેક જગ્યાએ લેટરપેડ પર ઉમેદવારોના નામ મંગાવવામાં આવ્યા હતા. પરિણામે જ્યાં જીત મળશે ત્યાં શ્રેય મળશે, પરંતુ જ્યાં હાર થશે ત્યાં જવાબદારી પણ ધારાસભ્યો પર જ આવશે. બુધવારે જાહેર થનારા પરિણામો સાથે કયા વિસ્તારના ધારાસભ્યનું સંગઠન પર પ્રભુત્વ છે અને ક્યાં તેમની પકડ નબળી પડી છે તેનો રાજકીય ચિતાર પણ સામે આવશે. તેથી ઉમેદવારો જેટલાં જ ધારાસભ્યોમાં પણ ભારે ટેન્શનનો માહોલ જોવા મળી રહ્યો છે.

## સ્ટ્રોંગ રૂમમાં શંકાસ્પદ હિલચાલ, કોંગ્રેસની ચૂંટણીપંચ સમક્ષ ફરિયાદ

**લોખંડની** પેટીઓ, ગેસ સિલિન્ડર અને સીલિંગ સામગ્રી અંદર લઈ જવાની સાથે EVM સાથે ચેડાંની કોંગ્રેસે આશંકા વ્યક્ત કરી

સુરત : સુરત મહાનગરપાલિકાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા બાદ હવે પરિણામોની રાહ જોવાઈ રહી છે, પરંતુ તે પહેલાં જ સ્ટ્રોંગ રૂમની સુરક્ષાને લઈને રાજકીય વિવાદ ગરમાયો છે.

સુરતના સ્ટ્રોંગ રૂમમાં સવારથી ચાલી રહેલી શંકાસ્પદ હિલચાલને લઈને કોંગ્રેસે ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા પર સવાલો ઉઠાવ્યા છે અને EVM સાથે ચેડાંની આશંકા વ્યક્ત કરી ચૂંટણી પંચમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

કોંગ્રેસના કાર્યકરો અને એજન્ટો સ્ટ્રોંગ રૂમની બહાર દેખરેખ રાખી રહ્યા હતા ત્યારે સવારથી જ વારંવાર લોખંડની મોટી પેટીઓ અંદર લઈ જવામાં આવતી હોવાનું જોવામાં આવ્યું હતું. કોંગ્રેસના નેતાઓના જણાવ્યા મુજબ આ પેટીઓ EVM રાખવામાં આવતી પેટીઓ જેવી જ દેખાતી હતી, જેના કારણે એજન્ટોમાં ચિંતા ફેલાઈ હતી. આ ઉપરાંત ગેસ સિલિન્ડર અને સીલિંગ માટેની અન્ય સામગ્રી પણ અંદર લઈ જવામાં આવતા શંકા વધુ ઘેરી બની હતી.

આ મામલે સુરત શહેર કોંગ્રેસે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીને રજૂઆત કરી છે. શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ જણાવ્યું હતું કે, મતદાન પૂર્ણ થયા બાદ તમામ EVM મશીનો ઉમેદવારો અને એજન્ટોની હાજરીમાં સીલ કરીને સ્ટ્રોંગ રૂમમાં મૂકવામાં આવ્યા હતા. પરંતુ બીજા જ દિવસે શંકાસ્પદ સામગ્રી અંદર લઈ જવામાં આવતાં કંઈક અજુગતું થઈ રહ્યું હોવાની આશંકા ઊભી થઈ છે.

કોંગ્રેસે સવાલ ઉઠાવ્યો છે કે જો સ્ટ્રોંગ રૂમ સંપૂર્ણ સુરક્ષિત હોય તો પછી ગેસ સિલિન્ડર અને લોખંડની પેટીઓ અંદર લઈ જવાની જરૂર શા માટે પડી? કોંગ્રેસે સમગ્ર મામલે તટસ્થ તપાસ કરવાની માંગ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી સુરત ક્ષત્રિય મહિલા મંડળ ટ્રસ્ટની સામાન્ય સભા યોજાઈ



સુરતઃ શ્રી સુરત ક્ષત્રિય મહિલા મંડળ ટ્રસ્ટનાં ઉપક્રમે ગત સપ્તાહે સામાન્ય સભાનું આયોજન સીંગાપુરી વાડીના હોજીવાલા ગાર્ડનમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં પ્રમુખ સરોજબેન વસંતલાલ દોરીવાલા હતાં. મુખ્ય વક્તા જ્યોતિષાચાર્ય વિમલભાઈ લાલવાલા હતાં. સમાજ ટ્રસ્ટનાં પ્રમુખ ચંદ્રવદનભાઈ હાથીવાલા, ક્ષત્રિય પંચ અને ન્યુ રીક્રીએશન ક્લબના પ્રમુખ ભરતભાઈ વાણાવાલા, યુવક મંડળનાં પ્રમુખ જનકભાઈ કાચીવાલા, સ્કાય રીક્રીએશન ક્લબનાં પ્રમુખ આશિષભાઈ રંગુનવાલા મંચ પર હાજર રહ્યા હતા. મંડળનાં પ્રમુખ આશાબેન કાપડિયાએ આવકાર આપ્યો હતો. મંત્રી દક્ષાબેન મંગુરીયાએ મંડળની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો. ઉદ્ઘોષિકા તરીકે નીમિષાબેન ફીટવાલાએ સેવા આપી હતી.

### અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ મહિલા શાખા દ્વારા 'દિલ તો બચ્ચા હૈ જી' કાર્યક્રમ યોજાયો

સુરતઃ અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ મહિલા શાખા દ્વારા ગુરુવારે ઘરના વડીલો માટે કાર્યક્રમ દિલ તો બચ્ચા હૈ જી નું આયોજન સિટી લાઈટ સ્થિત મહારાજા અગ્રસેન પેલેસના દ્વારકા હોલમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન બાળપણની થીમ પર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તમામ વડીલોએ બાળપણની રમતો, હાઉજી વગેરે રમ્યા હતા. આ દરમિયાન જૂના ગીતો પર ડાન્સ કર્યો હતો. તમામ માટે સાઉન્ડ હીલિંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં 250 થી વધુ વડીલોએ ભાગ લીધો હતો. તમામ વડીલોને ટ્રસ્ટ તરફથી ગિફ્ટ આપવામાં આવી હતી. આ પ્રસંગે મહિલા શાખાના રુચિકા રુંગટા, પ્રીતિ ગોયલ, શાલિની ચૌધરી, આરતી મિત્તલ, સરોજ, કુસુમ સર્રાફ, શકુન અગ્રવાલ સહિત અનેક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### ૪૫ લાખનાં ચેક રિટર્ન કેસમાં આરોપીનો છૂટકારો

સુરતઃ એસ. ઝવેરી ભાગીદારી પેઢીનાં ભાગીદાર આશીષ ઝવેરીનો હીરાનાં વ્યવહાર બાબતે ચેક રીટર્નનાં કેસમાંથી નિર્દોષ છુટકારો થયો હતો. એસ.કે. યુનિવર્સલનાં ડિરેક્ટર સુનિલ કોઠારીએ ફરીયાદ નોંધાવી હતી. સને-૨૦૦૮ માં રૂા.૬.૨૬ કરોડ જેટલી માતબર રકમનો હીરાનો માલ આરોપીઓએ ખરીદ્યો હતો. જે પેટે ૪૫ લાખનો ચેક ફરિયાદીને અપાયો હતો.જે ચેક રિટર્ન થતાં આરોપી વિરુદ્ધ કોર્ટમાં ફરિયાદ થઈ હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી દરમિયાન આરોપી પક્ષે એડવોકેટ વત્સલ રેશમવાલાએ દલીલો કરી હતી કે સિક્યુરીટી પેટેનાં ચેકમાં બોગસ રાઉન્ડ શીલ મારી આરોપીઓની બોગસ સહી કરી ચેક બેંકમાં વટાવવા નાંખી ફરીયાદીનું કોઈ કાયદેસરનું લેણું નિકળતું ન હોવા છતાં આરોપીઓને હેરાન પરેશાન કરવા હાલની ખોટી ફરીયાદ કરી હતી. બંન્ને પક્ષની દલીલો બાદ કોર્ટે આરોપી આશીષ ઝવેરીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

### પ્રિવાની વાણીનો કલરવ, સુરત ખાતે સંગીતનો મંત્રમુગ્ધ કાર્યક્રમ થયો



સુરતઃ કલરવના ડો. વિનોદ શાહ અને ડો. નીતીન ગર્ગ એક અખબારી યાદી માં જણાવે છે કે તા. ૨૪મી એપ્રિલના રોજ માનવ-કલરવ'ના નેજા હેઠળ યોજાયેલા 'રાગીત' કાર્યક્રમાં પોતાનો અવાજ, આગવી છટા, ધારદાર રજૂઆત અને શાસ્ત્રીય સંગીતના ઊંડા જ્ઞાનથી પ્રિયાની વાણી પ્રેક્ષકોના પ્રિય થઈ ગયા. અમુલ વોઈસ ઓફ ઈન્ડિયાનું ટાઈટલ ધરાવતા પ્રિયાનીએ સતત અઢી કલાક સુધી ભારતીય સંગીતના વિવિધ રાગો અને બોલીવુડમાં તે રાગ આધારિત ફિલ્મી ગીતો રજુ કર્યા હતા. તેમની 'છાપતિલક', હમેં તુમસે પ્યાર કિતના' (બંને રૂપમાં, ફિલ્મી અને શાસ્ત્રીય – જે આ આખા કાર્યક્રમનું પ્રતિક હતી) અને જગજીતસિંઘને યાદ કરવા એ યાદગાર હતું.

### શ્રમણપ્રધાન જૈન સંઘમાં શ્રમણોની ભૂમિકા મહત્ત્વની છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઈ: મુંબઈ ભાયંદર (વેસ્ટ) 90 ફુટ રોડ સ્થિત શ્રી પાર્શ્વ પ્રેમ શ્વે.મૂ. પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં શાસનસ્થાપના દિવસની ઉજવણી થઈ હતી. આ પાવન અવસરે શ્રમણ ભગવંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પુનિત અવસરે આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, અનુશાસનને કારણે શાસન શોભે છે. પીંછાના કારણે જેમ મોર શોભે છે તેમ સત્ત્વથી શાસન દેદીપ્યમાન બને છે. શ્રમણપ્રધાન જૈન સંઘમાં શ્રમણોની ભૂમિકા મહત્ત્વની છે. અત્યાર સુધી 2500 ઉપરાંત વર્ષોના વહાણાં વહી ગયા છતાં શાસન નામની સંસ્થા અવિચ્છિન્નપણે ચાલી રહી છે. અત્યાર સુધી ભલભલી સંસ્થાઓ સ્થપાઈ ગઈ. કેટલીક સંસ્થાઓ 25 કે 50 વર્ષ પણ માંડ ચાલી. રાજકારણમાં કેટલાય પક્ષો અત્યાર સુધી સ્થપાયા પણ એ બધાનું આયુષ્ય અલ્પ હતું. કેટલાક પક્ષોનું તો બાળમરણ થઈ ગયું. એક જ આર.એસ.એસ.ની સંસ્થા શતાબ્દી સુધી પહોંચી શકી.

## ડુમસમાં કરુણ દુર્ઘટના: ત્રીજા માળેથી પટકાતાં 15 મહિનાની બાળકીનું મોત

**નવા** ઘરમાં ગૃહપ્રવેશ પહેલાં જ રમતા-રમતા બાળકી બારીમાંથી બહાર જોતાં પટકાઈ

સુરતઃ ડુમસમાં નવા ઘરમાં ગૃહપ્રવેશની ખુશી પહેલાં જ એક પરિવારે પોતાની એકમાત્ર લાડકી બાળકી ગુમાવી દીધી હતી.

મળતી માહિતી અનુસાર, મૂળ રાજસ્થાનના રહેવાસી અંકિત અગ્રવાલ હાલ ઉધના-મગદલ્લા રોડ પર પરિવાર સાથે રહે છે અને વેસુ વિસ્તારમાં જ્વેલરીનો વ્યવસાય કરે છે. તાજેતરમાં તેમણે ડુમસ રોડ પર આવેલા અવધ હેલીટેડ બિલ્ડિંગમાં ત્રીજા માળે નવો ફ્લેટ ખરીદ્યો હતો, ગઈ સાંજે અંકિતભાઈ પોતાના પરિવાર પત્ની, માતા-પિતા અને 15 મહિનાની દીકરી રાધિકા સાથે નવા ફ્લેટની મુલાકાતે ગયા હતા. જેમાં રાધિકાને રસોડાના પ્લેટફોર્મ પર બેસાડવામાં આવી હતી. માતા થોડા સમય માટે પાણી લેવા માટે અંદર ગયા, અને એટલામાં જ આ નિર્દોષ બાળકી રમતાં રમતાં બારી તરફ ગઈ. બારીમાંથી બહાર જોવા જતાં જ તેનું સંતુલન બગડ્યું અને તે સીધી ત્રીજા માળેથી નીચે પટકાઈ હતી. બાળકી નીચે પડતાં જ ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે જ તેનું મોત નીપજ્યું હતું. આ દુર્ઘટનાએ પરિવારના ખુશીના માહોલને માતમમાં ફેરવી લીધો હતો.

**એકમાત્ર દીકરી ગુમાવતા માતા-પિતાનો વિલાપ**

રાધિકા પરિવારની એકમાત્ર સંતાન હતી. તેના અચાનક અવસાનથી માતા-પિતા અને દાદા-દાદી પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. જે ઘરમાં હાસ્ય અને ખુશીઓ ગૂંજી ઊઠવાની હતી, ત્યાં હવે શોક અને રડવાની આહટો સંભળાઈ રહી છે.

## સદ્દામ-ગોડીલનું પાકિસ્તાની કનેક્શન, મુંબઈ પોલીસ જેલમાંથી લઈ ગઈ

**પાકિસ્તાની** નંબરથી આવેલા ધમકીભર્યા વૉટ્સએપ કોલે પોલ ખોલી

સુરતઃ સુરત શહેરમાં લાંબા સમયથી આતંકનો પર્યાય બનેલી કુખ્યાત સદ્દામ-ગોડીલ ગેંગની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. પાકિસ્તાની નંબર પરથી આવેલા એક ધમકીભર્યા વૉટ્સએપ કોલના તાર સુરતની લાજપોર જેલમાં બંધ શહીદ શબીર ગોડીલ અને ઈમ્તિયાઝ ઉર્ફે સદ્દામ સાથે જોડાતા મુંબઈ પોલીસ હરકતમાં આવી છે. મુંબઈ પોલીસે આ બંને શખ્સનો ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી, સુરતની જેલમાંથી સીધો કબજો મેળવી મુંબઈ રવાના થઈ છે. આ ઘટનાને પગલે ગુજરાત અને મહારાષ્ટ્રની સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી ગઈ છે.

### પાકિસ્તાની કનેક્શનમાં એજન્સીઓ ઊંઘતી ઝડપાઈ

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તાજેતરમાં મુંબઈના એક વ્યક્તિને પાકિસ્તાની નંબર પરથી વૉટ્સએપ કોલ દ્વારા ગંભીર ધમકી આપવામાં આવી હતી. કોલ કરનારે પોતે સદ્દામ-ગોડીલ ગેંગનો સભ્ય હોવાનું જણાવ્યું હતું. આ ધમકી બાદ મુંબઈ પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદ લેતાં આ ગેંગના તાર સુરત સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું હતું.

### વ્હીલચેરથી વૉકિંગ સુધીનો ભેદી ખેલ

શહીદ ગોડીલ અગાઉ પોલીસ અને કોર્ટમાં બીમારીનું નાટક કરીને વ્હીલચેર પર ફરતો જોવા મળતો હતો. જોકે, તાજેતરમાં જ જેલના સીસીટીવી કેમેરા કે અન્ય માધ્યમો દ્વારા તે સામાન્ય માણસની જેમ ચાલતો હોવાનું બહાર આવ્યું છે. પોલીસને ગેરમાર્ગે દોરવા માટે કરાયેલા આ 'વ્હીલચેર ડ્રામા'નો પર્દાફાશ થતાં પોલીસ પણ ચોંકી ઊઠી છે. તેની આ ચાલબાજી પાછળ કાયદાના સકંજામાંથી બચવાનો મોટો પેંતરો હોવાનું મનાઈ રહ્યું છે.

### ગુજસીટોક હેઠળ જેલમાં હતા

નોંધનીય છે કે, સુરત પોલીસ દ્વારા આ ગેંગ સામે અગાઉ કડક કાર્યવાહી કરીને ગુજસીટોક (GUJCTOC) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જેના કારણે આ બંને આરોપી સુરતની હાઈ સિક્યોરિટી ગણાતી લાજપોર જેલમાં બંધ હતા. હવે મુંબઈમાં થનારી પૂછપરછમાં આ ગેંગના આખા નેટવર્ક, આર્થિક વ્યવહારો અને પાકિસ્તાની કનેક્શન અંગેના ચોંકાવનારા ખુલાસા થવાની પૂરેપૂરી સંભાવના છે.

## ડિંડોલીમાં ધો.12 સાયન્સની વિદ્યાર્થિનીએ અભ્યાસના તણાવમાં 14માં માળેથી પડતું મૂક્યું

સુરતઃ મૂળ રાજસ્થાનના વતની મનીષકુમાર રાવત હાલ ડિંડોલી વિસ્તારમાં આવેલા અંબિકા હેવન સોસાયટીમાં પરિવાર સાથે રહે છે. તે સોના-ચાંદીના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓની બે પુત્રી પૈકી 17 વર્ષીય પુત્રી ચારવી વેસુ વિસ્તારમાં આવેલી એલ.પી. સવાણી સ્કૂલમાં ધોરણ-12 સાયન્સમાં અભ્યાસ કરતી હતી. તેણીએ એ-ગ્રુપ લીધું હતું. કાલે બપોરના સમયે પરિવારના સભ્યો સૂતા હતા.

દરમિયાન ચારવીએ બિલ્ડિંગના 14માં માળે આવેલા ધાબા પરથી પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ચારવીએ અભ્યાસના ટેન્શનમાં આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. વધુમાં ચારવી હાલમાં જેઈઈ પરીક્ષાની તૈયારી કરી હતી. તેણીને એન્જિનિયર બનાવની ઈચ્છા હતી. આ અંગે વધુ તપાસ ડિંડોલી પોલીસ કરી રહી છે.